# દિવાળી પૂર્વેના અંતિમ રવિવારે બજારોમાં ધૂમ ખરીદી

**સુરતમાં** આ વર્ષે દિવાળીના તહેવારો પર 60 થી 70 કરોડનો બિઝનેસ થશે : પ્રમોદ ભગત

**CAIT ની** મહેનત રંગ લાવી બજારમાંથી ચાઈનીઝ દીવડા સહિતની ચીજવસ્તુઓ ગાયબ

સુરત : 31 ઓક્ટોબરે દિવાળી અને 2 નવેમ્બરે નૂતન વર્ષની ઉજવણી પહેલાના આજના અંતિમ રવિવારે શહેરના ચૌટા બજાર, રાજમાર્ગ, વરાછા રોડ, કતારગામ, ઉધના, વરિયાવી બજાર ફેશન સ્ટ્રીટ, નાણાવટ ફાયદાબજાર સ્ટ્રીટ, અલથાણ બજાર, અડાજણ, ન્યુ રાંદેર ગોરાટ રોડ રવિવારી બજારમાં ખરીદી માટે હકડેઠઠ ભીડ જામી હતી. ઘણી ખાનગી કંપનીઓ, દુકાનોમાં કામ કરતા લોકોને શનિવારે પગાર મળતાં આજે રવિવારે રેડીમેડ કાપડ, જૂતા, ચંપલ, બેલ્ટ, ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ, ઘરગથ્થુ સામગ્રી, કટલરીની વસ્તુઓ લેવા ભારે ભીડ જોવા મળી હતી. ચૌટા બજારમાં તો પગ મૂકવાની જગ્યા ન હોય એ હદે ભીડ જામી હતી. કોનફેડ્રેશન ઑફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT)નાં ગુજરાત રિજયનનાં ચેરમેન પ્રમોદ ભગતે જણાવ્યું હતું કે, દિવાળી અને તેના સંબંધિત તહેવારો માટે સુરત શહેર સહિત સાઉથ ગુજરાતના બજારોમાં વ્યાપક તૈયારીઓ શરૂ થઈ ગઈ છે જેથી કરીને વેપારીઓ વધુને વધુ ગ્રાહકોને આકર્ષિત કરી શકે અને આ વર્ષે રક્ષાબંધન, નવરાત્રિ અને કરવા ચોથના દિવસે સારો વ્યાપાર થયો તેમના વ્યવસાયમાં વૃદ્ધિની અપેક્ષા છે. બજારોમાં ભીડ અને કારોબાર જોતાં આ વર્ષે દિવાળીના તહેવારની સિઝનમાં વેપારીઓ 60 થી 70 કરોડ રૂપિયાનો બિઝનેસ કરે તેવી ધારણા છે. સુરત શહેર અને ગામડાઓના બજારોમાં દુકાનોને દિવાળીની થીમ અનુસાર શણગારવામાં આવશે. ગ્રાહકોને ઉત્સવનું વાતાવરણ મળી રહે અને વધુને વધુ લોકો બજારો તરફ આકર્ષાય તે માટે રંગબેરંગી લાઈટો, રંગોળી અને અન્ય શણગારની ખાસ કાળજી લેવામાં આવી રહી છે.

### દેશભરમાં 4.25 લાખ કરોડ રૂપિયાનો વેપાર થવાનો અંદાજ

ટેક્સટાઈલ એન્ડ ગારમેન્ટ કમિટીના રાષ્ટ્રીય અધ્યક્ષ ચંપાલાલ બોથરાએ જણાવ્યું હતું કે નવરાત્રી, દુર્ગા પૂજા અને હવે દિવાળી અને પુષ્ય નક્ષત્ર સાથે તહેવારની શરૂઆત થઈ છે. ગુજરાત સહિત દેશભરના બજારોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે અને સુરત, અમદાવાદ સહિત દેશભરના બજારોને ખાસ રોશનીથી સજાવવાનું કામ શરૂ થઈ ગયું છે. આ વખતે દેશભરમાં 4.25 લાખ કરોડ રૂપિયાનો વેપાર થવાનો અંદાજ છે, જે પોતે જ દિવાળીના વેચાણનો રેકોર્ડ હશે અને સાથે જ દેશની જનતા ખરીદીથી ચોંકી જવાની છે. અને લગભગ રૂપિયા 1 લાખ કરોડની ચીની વસ્તુઓનું વેચાણ ઘટશે.

# હીરામાં મંદીથી ત્રસ્ત વેપારી ચોખાના એક્સપોર્ટ તરફ વળ્યા, તો ઠગબાજો 60 લાખનું કરી ગયા

**કચ્છના** કલ્પેશ ચોથાણી અને તેના માતા-પિતાએ ઘઉંના લોટમાં સારો નફો બતાવી પાલના વેપારી પાસે રોકાણ કરાવ્યું ને છેલ્લે દોઢિયું ય ફરકાવ્યું નહીં

સુરતઃ પાલના ભાગ્ય રત્ન હાઇટ્સ ખાતે રહેતા મૂળ બનાસકાંઠાના 29 વર્ષીય નિશાંત રાજેશકુમાર કુરિયા, મહિધરપુરા હીરા બજારમાં હીરા દલાલીનું કામ કરે છે. હીરામાં મંદી હોવાના કારણે નિશાંતભાઈએ તેમના ઓળખીતા વેપારી સેમસન પોટલાને અન્ય કોઈ ધંધો સારો હોય તો જણાવવા કહેતા, સેમસનભાઈએ નિશાંતને 2021માં કલ્પેશ કિશોરભાઈ ચોથાણી (રહે.બાબાવાડી માધવ નગર જિલ્લો કચ્છ પશ્ચિમ ભુજ) સાથે સંપર્ક કરાવ્યો હતો. કલ્પેશે નિશાંતને ઘઉંના લોટના ઈમ્પોર્ટ એક્સપોર્ટનું મોટું કામ કરતો હોવાનું અને હાલ તેને દુબઈમાં ઘઉંનો લોટ મોકલવાનો મોટો ઓર્ડર મળ્યો હોવાનું જણાવ્યું હતું. ઘઉંનો લોટ ખરીદી મુન્દ્રા પોર્ટ પર કન્ટેનર મારફતે મોકલવાના બિલ અને ચલણ બનાવ્યા બાદ સામેવાળી પાર્ટી પેમેન્ટ કરતી હોવાનું જણાવ્યું હતું.

નિશાંતે, કલ્પેશના ઈમ્પોર્ટ એક્સપોર્ટના ધંધામાં રોકાણ કરવાની શરૂઆત કરી હતી. શરૂઆતમા કલ્પેશે નિશાંતને સારો નફો આપી સમયસર પેમેન્ટ રોકાણ પરત આપી ઝાસામાં લીધો હતો. નફા સાથે રોકાણના પૈસા પરત આવતા નિશાંત કલ્પેશની જાળમાં ફસાયો હતો. ત્યારબાદ 2023માં ચોખાનો આફ્રિકામાં મોટો ઓર્ડર મળ્યો હોવાનું કલ્પેશે નિશાંતને ફોન કરીને કહ્યું હતું. અગાઉ સમયસર પેમેન્ટ મળી ગયું હોવાથી નિશાંત રોકાણ માટે તૈયાર થયો હતો. નિશાંતે આંગડીયા મારફતે ટુકડે ટુકડે 60 લાખ રોકાણ માટે આપ્યા હતા. 60 લાખના રોકાણને ઘણો સમય થયે નિશાંતે કલ્પેશને ફોન કર્યો હતો. કલ્પેશ નિશાંતને અલગ અલગ બહાના બતાવી સમય પસાર કરતો હતો. નિશાંત પેમેન્ટ માટે કલ્પેશનાં ઘરે કચ્છ જતા તેણે તેને 60 લાખના ચેક આપી ટુકડે ટુકડે રૂપિયા ચૂકવવા વાયદો લીધો હતો. જે રૂપિયા આજદિન સુધી કલ્પેશે નિશાંતને નહિ ચૂકવી છેતરપીંડી કરી હોવાનું માલમ પડ્યું હતું. મહિધરપુરા પોલીસે કલ્પેશ ચોથાણી અને તેના માતા-પિતા વિરૂદ્ધ ગુનો નોધી તપાસ શરૂ કરી છે.

## સિટીલાઈટના 35 વર્ષના યુવક અને પાંડેસરાના આધેડે ફાંસો ખાધો

સુરતઃ સિટીલાઇટ વિસ્તારમાં 35 વર્ષના યુવકે અને પાંડેસરામાં આધેડે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ સિટીલાઇટમાં આવેલા અરિહંત પાર્ક એપાર્ટમેન્ટમાં રહેતા 35 વર્ષીય યોગેન્દ્ર રામપાલ સિંગ ડેટા એન્ટ્રીનું કામ કરી ગામ રહેતા પરિવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો. ગઈકાલે તે ઘરે એકલો હતો ત્યારે લોખંડ હુક સાથે દોરી બાંધી ફાંસો ખાઈ લીધો હતો. બીજા બનાવમાં મૂળ ઓરિસ્સા હરિપુર નયાગઢના વતની અને હાલ પાંડેસરા વિસ્તારમાં આવેલી શાંતિ નિકેતન સોસાયટીમાં આવેલી ગુપ્તા દશરથ હિન્દી વિદ્યાલયમાં રહેતા 54 વર્ષીય ત્રિનાથભાઈ હરિઓમ રાઉત તેઓ લુમ્સના ખાતામાં કામ કરે છે. તેમનાં પત્ની સ્કૂલમાં સફાઈ કર્મચારી તરીકે કામ કરે છે. તેમણે પણ ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી.

## ફુલપાડા ખાતે પગપાળા જતાં વૃદ્ધનું ટ્રક અડફેટે મોત

સુરતઃ ફૂલપાડા ખાતે પગપાળા જઈ રહેલાં 70 વર્ષીય વૃદ્ધને ટ્રકે અડફેટે લેતા વૃદ્ધનું મોત નીપજ્યું હતું. ફૂલપાડા રોડ પાસે રહેતા 70 વર્ષીય રમેશભાઈ અર્જુનભાઈ, ગઈકાલે સવારે ઘર પાસેથી પગપાળા જતા હતા. એ વેળા અજાણ્યા ટ્રક ચાલકે તેમને અડફેટે લીધા હતા. જેથી તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેથી તેમણે સારવાર માટે સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. સારવાર દરમિયાન તેમનું મોત નીપજતાં પોલીસે ટ્રકચાલક વિરુદ્ધ ગુનો નોંધી સંલગ્ન કાર્યવાહી હાથ ધરી છે.

## અડાજણમાં રૂમમાં ફસાઈ ગયેલા વૃદ્ધનું દરવાજો તોડીને રેસ્ક્યુ કરાયું

સુરતઃ અડાજણના આનંદ મહલ રોડ ખાતે નિલ સાગર સોસાયટીનાં એક મકાનમાં શનિવારે રાત્રે ઘર બંધ કરીને સુતેલા વૃદ્ધે આજે સવારે દરવાજો નહીં ઉઘાડતા ફાયર બ્રિગેડને બોલાવવાની નોબત આવી હતી. બાદમાં રૂમનો દરવાજો તોડી તેમનું સલામત રીતે રેસક્યુ કરી લેવામાં આવ્યું હતું. 65 વર્ષીય વૃદ્ધ રાકેશભાઈ જહોરી, ગઈકાલે તેમનાં ઘરનો દરવાજો બંધ કરીને સુઈ ગયા હતાં. આજે સવારે તેમના પરિજનોએ સતત દરવાજો ખખડાવ્યો હતો. સુતેલા વૃદ્ધ તરફથી કોઈ રિપ્લાય નહીં આવતા ફાયર બ્રિગેડને તેની જાણ કરવામાં આવી હતી. ઘટના સ્થળે પહોચેલી ફાયરની ટીમે દરવાજો તોડીને તેમનું સલામત રીતે રેસક્યુ કર્યું હતું.

## કતારગામમાં આધેડે જ્વલનશીલ પદાર્થ પી આત્મહત્યા કરી

સુરતઃ કતારગામ વિસ્તારમાં રહેતા 54 વર્ષના આધેડે જ્વલનશીલ પદાર્થ પીને આત્મહત્યા કરી લીધી હતી. નવી સિવિલ હોસ્પિટલના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ મૂળ મહેસાણાના વતની અને હાલ કતારગામ વિસ્તારમાં આવેલી કુબેરનગર 1 રહેતા 54 વર્ષીય અનિરુધભાઈ કાળુસિંહ ચૌહાણ મજૂરી કામ કરી પરિવારમાં રહેતા પત્ની અને 1 પુત્રનું ભરણપોષણ કરતા હતા. ગઈકાલે અનિરુધભાઈ કતારગામ વિસ્તારમાં પ્રભુનગરમાં આવેલી મસાલાની દુકાને જ્વલનશીલ પદાર્થ પીને સૂઈ ગયા હતા. સવારે તેમણે ઉઠાડતા તેઓ ઉઠયા ન હતા.

# મહિધરપુરાની સોનાના દાગીના બનાવવાની ફેક્ટરીમાંથી દોઢ કરોડના ગોલ્ડ પાઉડરની ચોરી

**તસ્કરો** એક્ઝોસ્ટ ફેનની બારીમાંથી પ્રવેશી ચોરી કરી ત્યાંથી જ ફરાર થઇ ગયા

સુરત : મહિધરપુરા ગોટાલાવાડી વિસ્તારમાં સોનાના ઘરેણાં બનાવવાની ફેક્ટરીમાંથી દોઢ કરોડના ગોલ્ડ પાઉડરની ચોરી થઈ હતી. આ અંગેની જાણ ફેક્ટરીના માલિક દ્વારા કરવામાં આવતા પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. હાલ મહિધરપુરા પોલીસમાં ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

મૂળ ભાવનગરના 35 વર્ષીય જીગ્નેશભાઈ નટુભાઈ ઇટાલીયાએ મહીધરપુરા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ જીગ્નેશભાઈ મહિધરપુરા ગોટાલાવાડી વિસ્તારમાં મેઝરિયા જ્વેલર્સ નામે ગોલ્ડની જ્વેલરી બનાવવાની ફેક્ટરી ચલાવે છે. જે ફેક્ટરીને ગઈ મોડી રાત્રે તસ્કરોએ ટાર્ગેટ કરી હતી. આ ફેક્ટરીમાં રાત્રિના સમયે તસ્કરો દોઢ કરોડના ગોલ્ડ પાવડરની ચોરી કરી ગયા હતા. તસ્કરોએ રાત્રિના સમયે એકજોસ્ટ ફેનની બારીમાંથી પ્રવેશ કર્યો હતો અને ત્યારબાદ ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. બોઇલરની અંદર આ ગોલ્ડ પાવડર હતો. જેને તસ્કરો દ્વારા કાઢી લેવામાં આવ્યો હતો અને ત્યારબાદ તે લઈને એકજોસ્ટ ફેનમાંથી જ ફરી બહાર નીકળી ફરાર થઈ ગયો હતો. મહીધરપુરા પોલીસે દોઢ કરોડના ગોલ્ડ પાવડરની અજાણ્યા વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે. પોલીસ સીસી ટીવી કેમેરા ફૂટેજ મેળવી તપાસ શરૂ કરી છે. આ ચોરીમાં કોઈ જાણ ભેદુ હોવાની આશંકા સેવવામાં આવી રહી છે.

# સુરત એરપોર્ટમાં ઓટો રિક્ષાનું ટાયર નીકળી જતા ડીવાઈડર પર ચઢી ગઈ

**સુરત** ઇન્ટરનેશનલ એરપોર્ટ પર રિક્ષા પર પ્રતિબંધ છે તો તે પ્રવેશી કેવી રીતે?

સુરત : સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પેસેન્જર ઓટો રિક્ષાની અવર જવર કે એન્ટ્રી પર પ્રતિબંધ છે.પણ પાર્કિંગ કોન્ટ્રાકટરને ઊંચા ટેન્ડરને લીધે ખોટ જઈ રહી હોવાથી ઓટો રિક્ષાને બિનઅધિકૃત પ્રવેશ મળી રહ્યો છે.આજે બપોરે પેસેન્જર સાથે આવેલી ઓટો રિક્ષાનું આગળનું ટાયર અચાનક નીકળી જતા ઓટો રિક્ષા દિવસ પર ચઢી ગઈ હતી.જોકે સદનસીબે રિક્ષામાં બેસેલા લોકોને સામાન્ય ઈજા થઇ હતી.

એરપોર્ટની એન્ટ્રી લાઈન પર ઓટોનુ ટાયર નીકળી જતા પાર્કિંગ કોન્ટ્રાકટર અને એરપોર્ટનાં કોમર્શિયલ વિભાગની પણ પોલ ખુલી ગઈ હતી.

### સુરતથી વિન્ટર શિડ્યુલ માટે સ્લોટ મેળવવા ઇન્ડિગો અને એર ઇન્ડિયા એક્સપ્રેસ વચ્ચે સ્પર્ધા

સુરતઃ સુરતથી વિન્ટર શિડ્યુલ માટે સ્લોટ મેળવવા ઇન્ડિગો અને એર ઇન્ડિયા એક્સપ્રેસ વચ્ચે સ્પર્ધા જામી છે. એર ઇન્ડિયા એરલાઇન્સે સુરત કોલકાતા ડેઇલી ફ્લાઇટ માટે સ્લોટ મંજૂર કરાવ્યો છે. તો ઇન્ડિગો એ કોલકાતા સુરત વિકમાં 4 દિવસની ફ્લાઇટ માટે સ્લોટ મેળવ્યો છે. એવી જ રીતે વીકમાં 4 દિવસ સોમ, મંગળ, ગુરુ, શુક્ર માટે એર ઇન્ડિયા એક્સપ્રેસે ચેન્નાઇ - સુરત - ચેન્નાઇ ફ્લાઇટ માટે સ્લોટ મંજૂર કરાવ્યો છે.સ્ટાર એર એ હૈદરાબાદ સુરત - હૈદરાબાદ ડેઇલી ફ્લાઇટ માટે સ્લોટ મંજૂર કરાવ્યો છે.એરલાઇન્સ પેસેન્જર ડેટાનાં આધારે સ્લોટ બુક કરી ફ્લાઇટ શરૂ કરવાની સંભાવનાઓ ચકાસતું હોય છે. વિન્ટર શિડ્યુલ માટે કોલકાતાની બે, ચેન્નાઇની એક અને હૈદરાબાદ માટે એક ફ્લાઇટ માટે સ્લોટ મંજૂર કરવામાં આવ્યો છે.

# વિધર્મી દુકાનદારે ઝઘડામાં ગ્રાહકને રમકડાંની ગનથી ડરાવ્યા, લોકોએ રેલી કાઢી વિરોધ કર્યો

**સિટીલાઈટના** લાવણ્ય મોલની 26મીની ઘટનાને પગલે તંગદિલી: મોલના દુકાનદારો અને સ્થાનિક રહીશોના વિરોધ પ્રદર્શનમાં વિહિપ પણ જોડાયું

સુરતઃ સિટીલાઇટના લાવણ્ય મોલમાં ખરીદી માટે ગયેલા યુવક-યુવતી અને સંચાલક વચ્ચે ભાવતાલમાં માથાકૂટ થતા વિધર્મીએ ગન બતાવતા યુવક યુવતીએ તેમના મિત્રોને બોલાવ્યા હતા. જે મામલે આજે સ્થાનિક દુકાનદારો અને રહેવાસીઓએ અણુવ્રત દ્વારથી અશોક પાન સેન્ટર સુધી રેલી કાઢી દુકાનદાર સામે વિરોધ વ્યક્ત કર્યો હતો.

સિટીલાઇટ વિસ્તારના લાવણ્યા મોલમાં ગઈ 26મીના રોજ યુવક અને યુવતી ખરીદી કરવા ગયા હતા. જ્યાં વિધર્મી દુકાન સંચાલક સાથે ભાવતાલમાં માથાકૂટ થતા સંચાલકે ગન બતાવી હતી. જે મામલે યુવક-યુવતીએ પોતાના મિત્રોને જાણ કરતા તેના મિત્રો દુકાને આવી પહોંચ્યા હતા. વાત જોતજોતામાં મોલમાં અને આજુબાજુના સ્થાનિકોમાં પ્રસરી ગઇ હતી. જેથી મોલના દુકાનદારો તથા સ્થાનિક રહેવાસીઓ એકઠા થઇ ગયા હતા.

તમામે વિધર્મી દુકાન સંચાલકની ખુલ્લેઆમ દાદાગીરીનો વિરોધ કર્યો હતો. મામલો પોલીસમાં પહોંચતા દુકાન સંચાલક વિધર્મી વિરૂધ્ધ અટકાયતી પગલા લઇ પોલીસે પૂછપરછ હાથ ધરી હતી. જે દરમિયાન દુકાન સંચાલકે રમકડાની ગન હોવાની કબૂલાત કરી હતી. વિધર્મી દુકાનનાં સંચાલકની ગન બતાવવાની હરકતના પગલે મોલના દુકાનદારો તથા સ્થાનિક રહેવાસીઓ મળી અંદાજે 100થી 150 લોકોએ આજે સિટીલાઇટ રોડ અણુવ્રત દ્વારથી અશોક પાન સેન્ટર સુધી બેનર સાથે રેલી કાઢી વિરોધ વ્યક્ત કર્યો હતો. આ મુદ્દે વિશ્વ હિન્દુ પરિષદ પણ આગળ આવ્યું હતું અને તેમના દ્વારા પણ આગામી દિવસોમાં ઉચ્ચસ્તરીય રજૂઆત કરવામાં આવશે.

# હવે અર્બન ટ્રાન્સપોર્ટમાં પણ સુરત અવ્વલ

**મેયર**-કમિશનરે એવોર્ડ સ્વીકાર્યો

**ગીચતા** ઘરાવતા સુરતમાં માસ ટ્રાન્સપોર્ટેશનના મોડેલને સફળ બનાવવાનો પડકાર પણ મનપાએ પાર પાડ્યો

### જાહેર પરિવહનના નેટવર્કને વધુ અસરકારક બનાવવા 'આઇટીએસ'

મનપા દ્વારા જાહેર પરિવહન નેટવર્કને વધુ અસરકારક બનાવવા માટે એક અદ્યતન ઈન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ અમલમાં મુકવામાં આવી છે. જેમાં ઈન્ટેલિજન્ટ ટ્રાન્ઝિટ મેનેજમેન્ટ સિસ્ટમ, ઓટોમેટિક ફેર કલેક્શન સિસ્ટમ, અને ઇન્ટિગ્રેટેડ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સુરત મની કાર્ડ સહીતની સુવિધા મુસાફરો માટે મનપા દ્વારા ઉપલબ્ધ કરવામાં આવી છે. સુરત મનપા દ્વારા તબક્કાવાર મુસાફરોની સુવિધામાં વધારો કરવામાં આવ્યો હોય તેના ફળ સ્વરૂપે મનપાની બસ સેવાનો ૨.૫૦ લાખથી વધુ મુસાફરો લાભ લઇ રહ્યા છે. શહેરને પ્રદુષણ મુક્ત બનાવવા માટે સુરત મનપા દ્વારા ઇ-બસ સેવા પર ભાર મુકવામાં આવ્યો છે.

સુરત : વર્ષમાં ભાગ્યે જ કોઈ મહિનો હોય છે. જેમાં સુરત મહાનગર પાલિકાને કોઈ એવોર્ડ મળ્યો ન હોય, ક્યારેક રાજ્ય સ્તરના તો ક્યારેક રાષ્ટ્રીય સ્તરના એવોર્ડની ભરમાર ચાલતી રહે છે, ત્યારે હવે અર્બન ટ્રાન્સપોર્ટેશનના સફળ મોડેલ બદલ સુરત મનપાને જાહેર થયેલો એવોર્ડ ગાંધીનગર ખાતે યોજાયેલી ૧૭મી અર્બન મોબિલીટી ઈન્ડિયા કોન્ફરન્સમાં કેન્દ્રીય મંત્રી મનોહરલાલ ખટ્ટરના હસ્તે મેયર દક્ષેશ માવાણી અને મ્યુ કમિશ્નર શાલિની અગ્રવાલ, ડેપ્યુટી મેયર નરેન્દ્ર પાટીલ અને બીઆરટીએસના વડા એડીશનલ સીટી ઈજનેર ડી.સી.ભગવાકરે એવોર્ડ સ્વીકાર્યો હતો. સ્વચ્છતા સર્વેક્ષણ, સ્વચ્છ આબોહવા, નેશનલ વોટર એવોર્ડ પ્રાપ્ત થયા બાદ હવે મનપાને સામુહીક પરીવહનની સેવા બદલ એવોર્ડની ફાળવણી કરવામાં આવી છે.

સુરત જેવા ગીચ શહેરમાં માસ ટ્રાન્સપોર્ટેશનના મોડેલને સફળ બનાવવુ તે મોટો પડકાર હતો. છતા, શહેરીજનોને સામુહીક પરીવહન સેવા પુરી પાડવા માટે સુરત મહાનગર પાલિકાએ શરૂ કરેલી બીઆરટીએસને શરૂઆતમાં નબળો પ્રતિસાદ મળ્યો હતો. જો કે, ત્યારબાદ મુસાફરોની સંખ્યામાં સતત વધારો થયો છે. રૂટ પણ સતત વધ્યા છે અને તેની સાથે કનેક્ટ સીટી બસ સેવાનો વ્યાપ પણ વધ્યો છે. દરમિયાન ગાંધીનગર ખાતેના મહાત્મા મંદીર ખાતે ત્રણ દિવસીય ૧૭મી અર્બન મોબિલીટી ઈન્ડિયા કોન્ફરન્સ એન્ડ એક્સ્પો-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું હતું. કોન્ફરન્સના ત્રીજા દિવસે સુરત મહાનગર પાલિકાને અર્બન ટ્રાન્સપોર્ટેશનની વિવિધ કેટેગરી અંતર્ગત સુરત મનપાને ''સીટી વીથ ધ બેસ્ટ ઈન્ટેલિજન્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ'' કેટેગરીમાં એવોર્ડની ફાળવણી કરવામાં આવી હતી.

## પ્રધાનમંત્રી મુદ્રા યોજના હેઠળ લોન મર્યાદા રૂ.10 લાખથી વધારીને રૂ.20 લાખ કરાઈ

સુરતઃ કેન્દ્રીય બજેટ 2024-25માં 23મી જુલાઈ, 2024ના રોજ નાણામંત્રી દ્વારા જાહેરાત કરવામાં આવી હતી, એ મુજબ પ્રધાનમંત્રી મુદ્રા યોજના (PMMY) હેઠળ મુદ્રા લોનની મર્યાદા વર્તમાન રૂ. 10 લાખથી વધારીને રૂ. 20 લાખ કરવામાં આવી છે. આ વધારો મુદ્રા યોજનાના ઉદ્દેશ્યને આગળ ધપાવવા ઈચ્છે છે, જે અનફંડેડને ભંડોળ પૂરું પાડે છે. આ નિર્ણયથી સુરત સહિત MSMEનાં હબ ગણાતા દક્ષિણ ગુજરાતના ઉદ્યોગોને મોટો લાભ થશે. આ સંદર્ભે જારી કરાયેલા નોટિફિકેશન મુજબ, તરુણ પ્લસની નવી કેટેગરી રૂ. 10 લાખથી વધુ અને રૂ. 20 લાખ સુધીની લોન માટે છે, તે એવા ઉદ્યોગ સાહસિકો માટે ઉપલબ્ધ હશે જેમણે તરુણ શ્રેણી હેઠળ અગાઉની લોન લીધી છે અને સફળતાપૂર્વક ચૂકવણી કરી છે. માઇક્રો યુનિટ્સ (CGFMU) માટે ક્રેડિટ ગેરંટી ફંડ હેઠળ રૂ.20 લાખ સુધીની PMMY લોન માટે ગેરંટી કવરેજ આપવામાં આવશે.

## સંક્ષિપ્ત સમાચાર

### ગુજરાત રાજ્યની એથ્લેટિક્સ રમતમાં સુરતીઓનો ડંકો

સુરતઃ 43મી ગુજરાત સ્ટેટ માસ્ટર એથ્લેટિક ચેમ્પિયનશિપ તા. 26 અને 27 ઓક્ટોબર 2024 ના રોજ ભુજ ખાતે યોજાય હતી જેમાં સુરત તરફથી કુલ 32 ખેલાડીઓએ જુદા જુદા વય ગ્રુપમાં ભાગ લઈ અને 32 ગોલ્ડ મેડલ 15 સિલ્વર મેડલ અને 15 બ્રોન્ઝ મેડલ એમ કરી કુલ 62 મેડલો મેળવ્યા હતા અને ટીમ ચેમ્પિયનશિપ પ્રાપ્ત કરી સુરતનો ડંકો ગુજરાત રાજ્યકક્ષાએ વગાડ્યો હતો.

### ડી.આર.બી. કોમર્સ કોલેજના આસી.પ્રોફેસર ડૉ. રાજેશ ખલાસી પીએચ.ડી. થયા

સુરતઃ ડી.આર.પટેલ અને આર.બી.પટેલ કોમર્સ કોલેજ તેમજ નવનિર્માણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટના કોમર્સ વિભાગમા અધ્યાપક અને એચઓડી તરીકે ફરજ બજાવતા ડો. રાજેશ જગુભાઈ ખલાસીએ કોમર્સ વિષયમાં "A study on Quality of work life among the teachers of self financed colleges affiliated to Veer Narmad South Gujarat University of Surat city" પર મહાશોધ નિબંધ સારસ્કમા કોલેજના પ્રિન્સિપાલ ડો. આશિષ દેસાઈના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. આ મહાશોધ નિબંધને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા માન્ય રાખીને ડો. રાજેશ ખલાસીને પીએચ.ડી.ની પદવી એનાયત કરાઈ છે. સંસ્થાના પ્રમુખ પંકજભાઈ પટેલ, સંચાલક મંડળ, ઇન્ચાર્જ આચાર્ય તેમજ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ તરફથી અભિનંદન પાઠવ્યા હતા.

### ઘર ઘરમાં આંખમાં આંસુઓ અને હૃદયમાં વલોપાત છે : પદ્મદર્શન વિજયજી

સુરત : પાલડી પ્રીતમનગર સ્થિત શ્રી કુંથુનાથ જૈન સંઘમાં આરાધના ભવન ખાતે અમૃતવાણી વહાવતાં પૂ. પંન્યાસપ્રવર પદ્મદર્શનવિજયજી મહારાજે જણાવ્યું હતું કે, સ્નેહ ઘરાવતા સ્વજનોને આપવાથી દૂર કરનાર ઝઘડો અને જમડો છે. સ્નેહના સંબંધોમાં વાંધો પડતાં બે પ્રેમીઓ કાયમ માટે જુદા થઈ જાય છે. કેટલાક અબોલા લે છે તો કેટલાક છૂટાછેડા લે છે. બે ભેગા થયેલા વ્યક્તિઓને જુદા પાડવાનું કામ ઝઘડો કરે છે. ઘર-ઘરની અંદર ઝઘડાઓ છે. માત્ર ઈરાન- ઈઝરાયલ લડે છે એવું નથી. ઘર-ઘરમાં આંખમાં આંસુઓ, મોઢામાં ફરિયાદો, હૃદયમાં વલોપાત અને મગજમાં ગુસ્સો છે.

### સાહિત્ય સંગમમાં વાક બારસનિમિત્તે વિશિષ કાર્યક્રમ

સુરત : દર વર્ષની જેમ આ વખતે પણ સોમવાર, તારીખ 28 ઓક્ટોબરનાં દિવસે એટલે કે 'વાકબારસ' નિમિત્તે સાહિત્ય સંગમ દ્વારા એક કાર્યક્રમનું આયોજન થયું છે. જેમાં નાટક, નવલકથા અને ટૂંકી વાર્તા - એમ ત્રણ કૃતિઓના સર્જકો આવીને પોતાની સર્જનયાત્રાની વાત કહેશે. નાટ્યકાર કપિલદેવ શુક્લ, લોકભારતી સણોસરાના પ્રો-વાઈસ ચાન્સેલર તેમજ યુવા વાર્તાકાર વિશાલ ભાદાણી સહિતના વક્તાઓ ભાગ લેશે. નાટ્ય અભિનેત્રી સુહાની જાગીરદાર અને ભૂમિ ચાંડપા દ્વારા વિવિધ કૃતિઓનું વાચિકમ પણ થશે. સાંજે 7.00 વાગ્યે સાહિત્ય સંગમ, ગોપીપુરા ખાતે યોજાશે

# મગદલ્લાના મહેશ પાંચિયા સાથે રૂપિયા એક કરોડની છેતરપિંડી

**કોરોનામાં** પ્રોજેક્ટ ઠપ્પ થઈ ગયો તો સુરતની કંપનીને એકેય રૂપિયો પરત નહીં કરતાં મામલો છેવટે પોલીસમાં

સુરતઃ બેંગ્લોરની કરનાડુ પ્રોડક્ટ ઈન્ડિયા લિ.ના ડિરેક્ટરોએ, સુરતની સમર્થ સાઈ લોજિસ્ટિક પ્રા. લિ. સાથે એક કરોડની છેતરપિંડી કરી હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

રુંઢ મગદલ્લાના પાદરી સ્ટ્રીટમાં રહેતા મહેશભાઇનો સંપર્ક વર્ષ 2020માં સંદીપ સૈની નામના વ્યક્તિ સાથે થયો હતો તેણે કૃષિ ઉત્પાદનમાં રોકાણ માટે ભાગીદારીની ઓફર આપી હતી. સૈનીએ તેની કંપની "પ્રસાર ગ્રુપ" દ્વારા નાના ખેડૂતોને નાણાકીય સહાય અને કૃષિ સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવતા હોવાનું જણાવ્યું હતું. એટલું જ નહીં, સૈનીએ પોતે રાજસ્થાનના રાષ્ટ્રીય લોકસમતા પાર્ટીનો દંડક હોવાનું પણ કહ્યું હતું.

મનીષભાઈને ગુજરાતમાં ડીલરશીપ ફી આપવાનું કહી મનીષભાઇ અને તેમની કંપનીને વિશ્વાસમાં લેવામાં આવ્યા હતા. ત્યારબાદ બેંગ્લોરની "કરૂનાડુ પ્રોડક્ટ ઇન્ડિયા પ્રા. લિ." નામની કંપનીના ડિરેક્ટર શંકર ધાર્મન વજરામ ધાર્મન અને પૂર્ણિમા કુંભર (બન્ને રહે. મુખ્ય કે એચ એમ બ્લોક ગંગા નગર, બેંગલોર) સાથે મુલાકાત થઈ હતી. બન્નેએ ખેતીના સાધનોની ખરીદી માટે એડવાન્સ પેટે એક કરોડ રૂપિયા માંગ્યા હતા.

જેથી સુરત આવી મનીષભાઇએ 23 સપ્ટેમ્બર 2020ના રોજ "બેંક ઓફ બરોડા" ખાતેથી RTGS દ્વારા 1 કરોડની રકમ કરૂનાડુ પ્રોડક્ટના બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી આપી હતી. જો કે બાદમાં કોરોના મહામારીને કારણે પ્રોજેક્ટ થંભી ગયો હતો. કંપની પાસે મનીષભાઈએ પરત નાણાં માંગતા કંપનીના ડિરેક્ટરોએ નાણાં પરત નહીં કર્યા હતાં. કંપનીના ડિરેક્ટર અવારનવાર મનીષભાઈને પેમેન્ટ માટે વાયદાઓ કરી સમય પસાર કરતા હતા. જેથી કંપનીએ પેમેન્ટ પરત આપવાનું કહી મનીષભાઈને 90 લાખના ચેક આપ્યા હતા.

તમામ ચેક મનીષભાઇએ બેંકમાં જમા કરાવતા તમામ ચેક બાઉન્સ થયા હતા. આમ તમામે ભેગા મળી મની